ખુલ્લા પગે પાલખી ઉપાડવા વધુમાં વધુ ભૂદેવો જોડાય તે ઈચ્છનિયઃ

ખંભાળિયામાં ભવ્ય શિવ વરણાગીનું ઠેર-ઠેર સ્વાગતઃ નગર બન્યું શિવમય

ખંભાળિયા તા. ૨૭: ખંભાળિયામાં શિવ વરણાગીનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત થયું અને આખું શહેર શિવમય બન્યું હતું.

ખંભાળિયામાં ગઈકાલે મહાશિવરાત્રિના ભગવાન શિવની ભવ્ય વરણાગી શોભાયાત્રા નીકળી હતી જે શહેરના વિવિધ વિસ્તારોમાં ફરીને ખામનાથ મહાદેવ મંદિરે પહોંચી હતી જ્યાં મહાઆરતી સાથે શિવ વરણાગીની પૂર્ણાહુતિ થઈ હતી જેમાં વિશાળ સંખ્યામાં ભાવિકો જોડાયા હતાં.

સવારે રંગમહેલ શાળા પાસેથી શોભાયાત્રામાં ૨૦૦ કીલોથી વધુ વજનની ચાંદીની શિવ-પાર્વતી-ગણેશજીની પ્રતિમા તથા ચાંદીની પાલખી સાથે બેંડવાજા-ઢોલ-નગારા તથા ડી.જે. પાર્ટી સાથે શિવ વરણાગી હરહર મહાદેવના જયનાદ સાથે નીકળી હતી તથા શહેરમાં ઠેર ઠેર કમાનો તથા ધજા પતાકાથી ભવ્ય સ્વાગત થયું હતું તથા અનેક સ્થળે શિવ વરણાગી પર ફૂલવૃષ્ટિ, આરતી સાથે ભાવિકો ઉમટયા હતાં. પાંચ હાટડી ચોક, વિજયચોક, ઝવેરી બજાર, લુહારશાળ, બરયા પાડો, રામમંદિર પાસે, સતવારા વાડ સહિતના વિસ્તારોમાં ઠેર ઠેર સ્વાગત થયું હતું.

પાલિકા પ્રમુખ રચનાબેન મોટાણી, મોહિતભાઈ મોટાણી, પાલિકાના સદસ્યો, અગ્રણીઓ પણ જોડાયા હતાં તથા સ્વાગત પૂજા કરી હતી. શિવ વરણાગીમાં ટ્રસ્ટીઓ ખામનાથ મહાદેવના અમિતભાઈ વ્યાસ, પ્રતીકભાઈ જોષી, સંજયભાઈ જોષી જોડાયા

(તસ્વીરઃ મુકેશ મોકરીયા)

હતાં તથા વરણાગી ઉપાડવા બ્રાહ્મણો તથા હિતેષભાઈ હર્ષ, નીતિનભાઈ આચાર્ય, બંટીભાઈ હર્ષ, પંડિતભાઈ તથા અગ્રણીઓ ડો. રાયઠઠ્ઠા નીલેશભાઈ, બલુભાઈ ગઢવી, રેખાબેન ખેતિયા વિગેરે પણ શોભાયાત્રામાં જોડાયા હતાં તથા ઠેર ઠેર આરતી થઈ હતી.

વરણાગી ઉપાડવામાં પરેશાની

ખંભાળિયા શહેરમાં સવાસો વર્ષ પુરાની આ શિવ વરણાગીમાં અગાઉના સમયમાં મોટી સંખ્યામાં બ્રાહ્મણો ઉમટતા હતાં તથા આ શોભાયાત્રા બ્રાહ્મણો જ ખુલ્લા પગે ઉપાડી શકતા હોય, રસ્તામાં પાંચેક કલાક આ વરણાગી ઉપાડવી પડતી હોય, ટેકાની કે થોભવાની જોગવાઈ ના હોય ઓછા બ્રાહ્મણો હોય ત્યારે પરેશાની થાય છે. ખંભાળિયા શહેરમાં ચૌદ જેટલી બ્રાહ્મણ જ્ઞાતિ છે જ્યારે વ્યવસ્થિત આયોજન કરીને મોટી સંખ્યામાં ભૂદેવો આ ઉત્સવમાં જોડાય તે પણ ઈચ્છનિય હોવાના પ્રત્યાઘાતો પણ પડી રહ્યા છે.

જિલ્લા કલેકટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં

જામનગરમાં તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમઃ આઠ અરજીઓનો નિકાલ

જામનગર તા. ૨૭: જિલ્લા કલેકટર કેતન ઠક્કરના અધ્યક્ષ સ્થાને શહેર મામલતદાર કચેરી જામનગરમાં તાલુકા કક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો હતો.જેમાં કલેક્ટરે અરજદારોને મળી તેઓના પ્રશ્નો સાંભળ્યા હતા અને તે પ્રશ્નોના નિરાકરણ અંગે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. સાથે જ જે અરજદારોના પ્રશ્નોનું નિરાકરણ થઈ આવેલ તેઓને જરૂરી પ્રમાણપત્ર તથા હુકમોનું વિતરણ કર્યું હતું.

આ તાલુકા સ્વાગત કાર્યક્રમમાં આઠ જેટલા અરજદારોએ વૃદ્ધ સહાય, ગંગાસ્વરૂપ આર્થિક સહાય, પૂરના પાણીથી થયેલ નુકસાની અંગેની સહાય વગેરે બાબતોને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જે તમામ પ્રશ્નોનું સ્થળ પર જ જરૂરી કાર્યવાહી કરી નિરાકરણ લવાયું હતું.

અરજદારોના પ્રશ્નોના નિરાકરણ લાવવાની સાથે કલેકટરે અરજદારોના પરિવારની સ્થિતિ તેમજ આવક રોજગાર અંગેની માહિતી પણ મેળવી હતી. અને લાગુ પડતી હોય તેવી વિવિધ યોજનાઓની જાણકારી આપી તેનો લાભ લેવા અંગે અરજદારોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ સ્વાગત કાર્યક્રમમાં શહેર પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, મામલતદાર ડાભી, જામનગર મહાનગરપાલિકા, પોલીસ વિભાગ, પીજીવીસીએલ વગેરે જોડાયા હતા.

રામરાષ્ટ્રીય બજરંગ દળના જિલ્લા પ્રમુખ તરીકે મંજુલાબેન રાજગોર નિમાયા

જામનગર તા. ૨૭: સનાતન સંગઠન દ્વારા શ્રીરામ રાષ્ટ્રીય બજરંગળ દળ દ્વારા જામનગરના જિલ્લાના મહિલા પ્રમુખપદે સેવાભાવી કાર્યકર અને બ્રહ્મસમાજના અગ્રણી મંજુલાબેન રાજગોરની નિમણૂક કરવામાં આવી છે. તેઓ અગાઉ નારી સુરક્ષા સમિતિમાં જિલ્લા મંત્રી, બ્રહ્મસમાજના મહિલા અગ્રણી અને જન સેવા દરેડમાં હતા અને જામનગર કેન્સર કાઉન્સિલમાં તેઓ સેવા આપી રહ્યા છે.

સમગ્ર સમાજ માટે પ્રેરણાદાયી પહેલઃ

જામજોધપુરના સમાજ શ્રેષ્ઠી દ્વારા પુત્રના લગ્નની તમામ રોકડ ભેટ શૈક્ષણિક કાર્ય હેતુ સમાજને અર્પણ

જામનગર તા. ૨૭: આજે સમાજમાં લગ્ન પાછળ લખલૂટ ખર્ચા તથા દેખાડા થઈ રહ્યાં છે, લગ્નમાં કેવું ડેકોરેશન અને જમવાની ડીસ રાખવી તેની ચર્ચામાં પરિવાર વિચારતું હોય છે, તેવા સમયે પોતાના આંગણે યનાર લગ્નથી સમાજ સેવાનું કાર્ય કેવી રીતે કરવું તે અંગે કોઈ પરિવાર એક સાથે બેસીને વિચારતો હોય તેવું આજના સમયે સ્વપ્નમાં પણ આવે તેમ નથી. પરંતુ આ સ્વપ્નને સાકાર કર્યું છે જામજોધપુરના જીજ્ઞેશકુમાર રજનીકાંત ચોટાઈ પરિવારે.

સ્વ. હિનાબેન ચોટાઈના સંસ્કારો અને જીજ્ઞેશકુમાર ચોટાઈની સમાજભાવનાને પરિણામે તેમના દીકરા ચિ. રાજમાં પણ શૈક્ષણિક સેવાકાર્યની લાગણી પ્રબળ બની રહી છે અને ચિ. ચાર્મીના ભક્તિભાવનો ઉમેરો થતા આ પરિવાર દ્વારા ચિ. રાજ અને ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે જે પણ ચાદલ્લાની રકમ આવશે તેને સમાજસેવાના કાર્ય હેતુ

ચિ. રાજ અને ચિ. ચાર્મીના લગ્ન નિમિત્તે આવેલ ચાંદલ્લાની રકમ રૂા. ૧,૨૧,૦૦૦/- રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ, ગાંધીનગરને શૈક્ષણિક ભવન નિર્માણ હેતુ અર્પણ

આપવાની જાહેરાત કરી.

ચોટાઈ પરિવારનું માનવું છે કે વર્તમાન સમયે સમાજને સૌથી વધુ જરૂરીયાત શિક્ષણની છે, તેથી આ ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓની યાદી તરફ તેઓએ નજર દોડાવતા તેઓ 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ-ગાંધીનગર'ની પ્રવૃત્તિઓથી તેમાંય સમાજના દીકરા-દીકરીઓને માટે કરવામાં આવતા શૈક્ષણિક કાર્યોથી તેઓ પ્રભાવિત થયા અને આ સંસ્થા સમાજના શૈક્ષણિક જરૂરિયાત બાળકો માટે એક શૈક્ષણિક ભવન ઉભું કરવા વિચારાધીન હોવાથી તે કાર્યમાં ઝડપભેર આગળ વધી શકાય તેવા ઉમદા હેતુથી ચિ. રાજ અને ચિ. ચાર્મીના લગ્નના ચાદલ્લાની રકમમાં પોતાના રૂપિયા ઉમેરીને રૂા. ૧,૨૧,૦૦૦/- સંસ્થાને યોગદાન આપેલ છે. આ યોગદાન થકી સમગ્ર સમાજમાં કે પ્રશંસનીય અને ઉમદા કાર્ય કરેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે મુન્નાભાઈના હુલામણા નામથી જાણીતા જીજ્ઞેશકુમાર ચોટાઈ (રાજ ટ્રેડર્સ-જામજોધપુર, વનરાજ ટ્રેડર્સ-ઉપલેટા) દ્વારા અવાર-નવાર સમાજસેવાના કાર્યો કરવામાં આવતા હોય છે. તેમના આંગણેથી કોઈ નિરાશ ક્યારેય નથી આવ્યું તેવા સમયે 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ-ગાંધીનગર'ની જરૂરિયાત પારખીને તેઓના પરિવાર દ્વારા આ પ્રશંસનીય કાર્ય સમાજના અન્ય લોકો માટે પણ પ્રેરણાનું સ્રોત બનશે.

આ પરિવાર દ્વારા આ સુંદર જાહેરાત કરતાં ચિ. રાજ તેમજ ચિ. ચાર્મીના લગ્ન પ્રસંગે તા. ૨૩-૦૨-૨૦૨૫ના રોજ 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર'ના ટ્રસ્ટીઓ દિલીપભાઈ, પિન્ટુભાઈએ પ્રસંગમાં રૂબરૂ હાજરી આપી જીજ્ઞેશકુમાર ચોટાઈને મોમેન્ટો અર્પણ કરી સંસ્થા વતી બિરદાવેલ તેમજ ચિ. રાજ અને ચિ. ચાર્મીને આશીર્વાદ પાઠવેલ.

અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે 'રઘુવંશી સેવા સમાજ ટ્રસ્ટ - ગાંધીનગર' સમાજના છેવાડાના માનવીઓના હિત માટે કાર્ય કરતી સંસ્થા છે. ખાસ કરીને સમાજના પ્રત્યેક ઘરમાં શિક્ષણ પહોંચે તે માટે કટિબદ્ધ છે. આ સંસ્થા જીજ્ઞેશકુમાર ચોટાઈ પરિવાર જેવા સમાજશ્રેષ્ઠીઓના અનુદાન થકી આગળ વધી રહી છે.

:: જાહેર નોટીસ ::

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, જામનગર (શહેર)ની કોર્ટમાં

જ.મ.એ. - ૧૯૬૯, કેસ નં. ૦૬/૨૦૨૫

શ્રી વાલમજીભાઈ મોહનભાઈ પટેલ (ચાંપાણી)
રહે. સરદારનગર-૨, મેઈન રોડ, સરદાર પાર્ક,
સાંઢિયા પુલ પાસે, જામનગર ... અરજદાર

વિરુદ્ધ

જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
જામનગર મહાનગરપાલિકા,
જ્યુબિલી ગાર્ડન પાસે, જામનગર ... સામાવાળા

આથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારશ્રીના પૌત્રી તન્વી શૈલેષભાઈ ચાંપાણીની જન્મ તા. ૧૭/૦૯/૨૦૧૩ના રોજ જામનગર થયેલ હોવાનું તથા તેની જન્મ નોંધ સામાવાળાના દફતરે કરવાની રહી ગયેલ હોય, અત્રેની એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, જામનગર (શહેર) ની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી સદરહુ અરજી દાખલ કરેલ છે તે અરજી સામે કોઈ ઇસમ કે સંસ્થાને વાંધો તકરાર હોય તો આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન ૩૦ માં અત્રેની કોર્ટમાં રૂબરૂ કે વકીલ મારફત લેખિતમાં વાંધા તેમજ પુરાવા સાથે હાજર રહેવું અથવા આ કેસની આગામી મુદ્દત તા.૨૮/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૦૩:૩૦ કલાકે હોય તે દિવસે નિયમ હાજર રહેવું અન્યથા દિન ૩૦ બાદ યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેવી.

એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ,
જામનગર (શહેર)

સ્વ. એચ.આર. માડમ મેમો. ટ્રસ્ટ દ્વારા

જોડિયામાં બોર્ડના પરીક્ષાર્થીઓ માટે ભોજન વ્યવસ્થા

જામનગર તા. ૨૭: જોડિયા તાલુકામાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે ભોજ અંગેની વ્યવસ્થા ન હોવાથી સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સને ૨૦૧૦ થી જોડિયામાં બોર્ડના પરીક્ષાર્થીઓની ભોજન વ્યવસ્થા કરવામાં આવે છે. તે મુજબ ચાલુ સાલે પણ તા. ૨૭-૨-૨૦૨૫ થી શરૂ થતી ધો. ૧૦ ની બોર્ડની પરીક્ષા સમયે જોડિયાના પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષા આપતા તમામ પરીક્ષાર્થીઓ, વાલીઓ, પરીક્ષાર્થીઓના વાહનચાલકો, પરીક્ષા વ્યવસ્થાના તમામ શાળાઓના શૈક્ષણિક સ્ટાફ સહિત દરરોજ ૫૦૦ થી વધુ લોકો માટેની ભોજન વ્યવસ્થા તા. ૨૭-૨-૨૦૨૫ થી પરીક્ષાર્થીઓના પેપરના દિવસોમાં લોહાણા મહાજન વાડી-જોડિયામાં વ્યવસ્થા કરવામાં આવી છે. સંકલન પ્રવિણભાઈ માણેક કરી રહ્યા છે. આ ભોજન વ્યવસ્થાનો લાભ લેવા ટ્રસ્ટ પ્રમુખ પૂનમબેન માડમે અનુરોધ કર્યો છે.

પોરબંદરમાં સચીનભાઈ રબારીની આગેવાનીમાં

જામનગર રબારી સમાજ યુવા સંઘ દ્વારા આયોજીત સમૂહલગ્નોત્સવમાં બ્લડ ડોનેશન કેમ્પ

જામનગર તા. ૨૭: જામનગર રબારી સમાજના અગ્રણી સચીનભાઈ ચાવડાની આગેવાનીમાં ૧૬૦ જેટલી બોટલ બ્લડ એકત્ર કરાયું હતું

તાજેતરમાં પોરબંદરમાં રબારી સમાજ સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્નોત્સવમાં જામનગર રબારી સમાજ યુવા સંઘ દ્વારા અગ્રણી સચીનભાઈ ચાવડાની આગેવાનીમાં બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના યુવાન, વડીલ તેમજ મહિલાઓએ રક્તદાન કરી ઉમદા સેવા કાર્ય કર્યું હતું. આ બ્લડ ડોનેશનનું દિપ પ્રાગટય ઓળદર મઢના ભુવા આતા શ્રી અમરા આતા ના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેમાં રબારી સમાજ દ્વારા મોટી સંખ્યામાં બ્લડ ડોનેશન કરવામાં આવેલ આ સાને સતાપર મઢના ભુવા શ્રી અમરા આતાના હસ્તે બ્લડ ડોનેશન કરનારને સન્માનપત્ર આપી સન્માનીત કરવામાં આવેલ. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા સચીનભાઈ ચાવડા, દિનેશભાઈ આલ, ભીમાભાઈ ભારાઈ, ભગાભાઈ કટારા, રમેશભાઈ કરોતરા, વિક્રમભાઈ ભારાઈ, કરન રાડા, મનિષભાઈ ભારાઈ, મીઠાભાઈ કોડીયાતર, અશોકભાઈ ઘેલીયા, જતિન હરણ, સંજય કટારા, જેઠાભાઈ પટેલ, અરજનભાઈ મોરી, ભૂપતભાઈ મોરી, કરસનભાઈ ચાવડા, ખીમાભાઈ રાડાએ જહેમત ઉઠાવી હતી.

નમઃ શંકરાય ચ મયસ્કરાય ચ નમઃ

આદિ શંકરાચાર્ય માત્ર શૈવ નહીં, પંચ દેવોપાસક હતાઃ સ્વામી સદાનંદજી

વિશ્વમાં ભારત જ એકમાત્ર ધર્મભૂમિ છે. ધર્મગ્લાનિને દૂર કરવા ઈશ્વર ભારત માં જ અવતાર લે છે આનાથી એ સિદ્ધ થાય છે ધર્મ ભારતમાં જ છે. જ્યાં ધર્મ હશે ત્યાં જ તો ગ્લાનિ પણ થશે અને અભ્યુત્થાન પણ થશે. વિશ્વમાં અન્ય જે કોઈ પણ ધર્મ તરીકે ઓળખવામાં આવે છે તે ખરેખર તો અલગ અલગ કાળાંતરે વ્યક્તિવિશેષ દ્વારા પ્રવર્તિત સંપ્રદાય કે પાર્ટીમાત્ર જ છે. ભારત માં પણ જ્યારે ધર્મ અનેક મત મતાંતરો માં વિભક્ત થઈને સંકીર્ણતા પ્રાપ્ત કરી સ્વયં ને જ ધર્મ નામથી ખ્યાપિત કરવા લાગે છે ત્યારે ઈશ્વર અવતાર ધારણ કરીને આ સંકીર્ણતાને દૂર કરી અભ્યુદય નિઃશ્રેયસકારી ધર્મની શુદ્ધિ કરે છે.

ભારતભૂમિમાં શિવ આરાધના અત્યંત પ્રાચીનકાળથી થતી આવી છે. આદિ શંકરાચાર્ય જ્યારે કાશ્મીરની યાત્રા પર ગયા હતા તે સમયે તે શિવઆરાધનાનું મુખ્ય કેન્દ્ર હતું. આદિ શંકરાચાર્યજીએ બોત્તેર મતોનું ખંડન કરીને અદ્વૈતમતની સ્થાપના કરી. બોત્તેર મતોમાંથી એક શૈવ સંપ્રદાય પણ હતો જેનું ખંડન કરીને આદિગુરૂએ શૈવ સંપ્રદાયનો વિલય પણ અદ્વૈતમતના અંતર્ગત કર્યો. ભારતમાં આજે પણ વિભિન્ન શૈવ સંપ્રદાય અસ્તિત્વમાં છે જે આગમથી સંચાલિત થાય છે. શૈવાગમના અનેક ગ્રંથ કાશ્મીર, દક્ષિણ ભારતમાં મળે છે. આજે દુર્ભાગ્યવશ દક્ષિણભારતના લિંગાયત શૈવ પોતાને હિન્દુ માન્યતાથી અલગ કરી અલપસંખ્યક થઈ ગયા છે. આ હિન્દુ ધર્મને દુર્બળ કરવાનું કાર્ય થયું છે. જો આવી જ રીતે વિભિન્ન સંપ્રદાય પોતપોતાની સ્વતંત્ર સત્તા બનાવવા લાગશે તો આજથી અઢી હજાર વર્ષ પહેલાવાળી પરિસ્થિતિ ફરીથી નિર્મિત થશે માટે આ ચિંતાજનક છે. શૈવ વૈષ્ણવ ભેદ આજે પણ અસ્તિત્વમાં છે.

ગોસ્વામી તુલસીદાસજીના ગ્રંથ રામચરિતમાનસને કારણે ઉત્તરભારતમાં ધર્મનું સંતુલન ટકી રહ્યું છે. રામચરિતમાનસમાં તેમણે શ્રીરામના મુખે કહેવડાવ્યું છે-

ઔરઉ એક ગુપુત મત
સબહી કહઉ કરજોરી ।
સંકર ભજન બીના
નર ભગતિ ન પાવઈ મોરી ॥

પરંતુ દક્ષિણભારતમાં આ વૈષ્ણવવાદ આજે ઉગ્રતા ધારણ કરી રહ્યો છે જે ચિંતાજનક છે. શંકરાચાર્ય પરંપરાને પણ શૈવ દૃષ્ટિકોણથી જોતાં મધ્વ સંપ્રદાય જે રીતે શંકરાચાર્યના પ્રત્યે વિપવમન કરે છે તે તેમના હૃદયની સંકીર્ણતા અને અપરાધિક કૃત્ય છે. શંકરાચાર્ય માત્ર શૈવ નહીં પરંતુ પંચદેવોપાસક હતા. તેમણે શિવ વિષ્ણુ ગણેશ દેવી સૂર્યની ઉપાસનાનો સમાનભાવથી પ્રચાર કર્યો. વેદમાં રૂદ્રાષ્ટાધ્યાયીના નમક ચમક અધ્યાયમાં ભગવાન શિવના વ્યાપક સ્વરૂપનું વર્ણન કરતાં કરતાં કણ કણમાં તેમની વ્યાપિનું ગાન કરવામાં આવ્યું છે. વસ્તુતઃ આ જ વેદ પ્રતિપાદિત શિવ સ્વરૂપ આદિકાળથી ભારતમાં પૂજિત કરવામાં આવી રહ્યું છે નહીં કે સમ્પ્રદાયગત શિવસ્વરૂપ.

ઉપાસનાના મહાપર્વ મહાશિવરાત્રિમાં બહુસંખ્યક ભારતવાસી વેદોક્ત શિવઆરાધના થકી નિઃશ્રેયસ અને અભ્યુદય પ્રાપ્ત કરે છે તો તે આદિ શંકરાચાર્યની પંચદેવોપાસનાનો જ પ્રચાર છે. શિવરાત્રિના યોજાયેલા પાવન અવસર પર ભગવાન ચંદ્રમૌલેશ્વરને ભારતના અભ્યુદયની કામના કરીએ છીએ.

:: આલેખન ::
સ્વામી સદાનંદ સરસ્વતી
જગદ્ગુરૂ શંકરાચાર્ય
શારદાપીઠ, દ્વારકા (ગુજરાત)

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી ગુજરાત રાજયનાં, ડીસ્ટ્રીક તથા સબ-ડીસ્ટ્રીકટ જામનગરના શહેર જામનગરમાં, બેડી બંદર રોડ ઉપર મોટર હાઉસ સામે આવેલ **સીટી સર્વે કચેરી ના વોર્ડ નં.૧૨, શીટ નં.૧૨૩, સી.સ.નં. ૩૪૯૨** વાળી જગ્યા પર જામનગર મહાનગરપાલિકા ની રજાચીઠ્ઠી મુજબ **'સમૃધ્ધિ એપાર્ટમેન્ટ'** નામ ના બહુમાળી ઈમારત નું બાંધકામ કરવામાં આવેલ તે ઈમારતના ફીફથ ફલોર પર આવેલ **ફલેટ નં. ૫૦૧** ના હાલ ના માલિક **'નિરજ હર્ષદરાય પંડયા'** ની સ્વતંત્ર કબજા, ભોગવટાની આવેલ છે. અને તેઓ પાસે થી સદરહુ ફલેટ ખરીદ કરવા અમારા અસીલે સોદો કરેલ છે અને સુથી પેટેની રકમ ચુકવેલ છે.

તેમાં ઉતરોતર કાગળો પૈકી મેસર્સ એન.પી. એન્ટરપ્રાઈઝ ભાગીદારી પેઢી ના ભાગીદારો એ ૧) રતિલાલ જેરાજભાઈ ભાયાણી ૨) લલીતાબેન રતિલાલ ભાયાણી ને કરી આપેલ રજી.વેચાણ દસ્તાવેજ અનું.નં. ૯૦૫૦ તા.૦૭/૧૦/૨૦૦૯(જુના નં.૧૯૪૮ તા. ૨૯/૦૫/૨૦૦૨) ના દિવારનો રજી.વેચાણ દસ્તાવેજ અસલ તથા રજી.ફી ભર્યાની પહોચ અસલ. હાલના માલિકથી ખોવાઈ ગયેલ છે. જે ઘણી શોધ-ખોળ કરવા છતા મળી આવતા નથી. અને તેનો હાલ ના ઉપરોક્ત માલિકે કોઈ ઉપયોગ કે ગેરઉપયોગ કરેલ નથી, તેવું તેમનું જણાવવું છે.

ઉપરોક્ત અસલ કાગળ/નકલ કોઈપણ વ્યકિત પાસે કોઈપણ કારણોસર આવેલ હોય અને તેના કારણે અથવા અન્ય કોઈપણ કારણોસર ઉપરોક્ત ફલેટ માં જો કોઈ વ્યકિત, પેઢી, સંસ્થાનું લેણું, બોજો, ચાર્જ, લીયન કે અગ્રહક હોય કે ઉપરોક્ત ફલેટમાં કોઈપણનો કોઈપણ જાતનો હકક, હિત, સંબંધ, લાગભાગ કે અધિકાર આવેલ હોય અથવા ઉપરોક્ત ફલેટના વેચાણ સામે કોઈ પણ ને વાંધા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ - સાત (૭) માં અમોને નીચેના સરનામે લેખિત આધાર પુરાવા સાથે રજુ કરવા. જો મુદત દરમ્યાન કોઈ વાંધા તકરાર આપવામાં નહી આવે તો ઉપરોક્ત મિલ્કતમાં કોઈનું લેણું, બોજો, ચાર્જ, લાગભાગ કે અધિકાર આવેલ નથી.તેમજ ઉપરોક્ત મિલ્કતના વેચાણ સામે કોઈપણ ને વાંધા તકરાર કે હરકત નથી. અને જો હોય તો જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલ બાકીનો અવેજ ચુકવી તેઓ જોગનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ અમારા અસીલની કોઈ જ જવાબદારી રહેશે નહી. જેની સર્વેએ નોંધ લેવી.

જામનગર **નૈતિક એચ. મહેતા - એડવોકેટ**
તા. ૨૭-૦૨-૨૦૨૫ તે અમારા અસીલની સૂચનાથી...

:: અમારા મારફત ::
નૈતિક એચ. મહેતા - એડવોકેટ
૯-પટેલ કોલોની, ૧-અમિષ ફલેટ્સ,
એસ.બી.આઈ. સામે, જામનગર :: મો. ૯૯૭૮૭ ૫૯૩૪૮